જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૩/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૯૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૮૮	૦	૧૧૨૮૮	૧૭૪૧૦	૦	૧૭૪૧૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૮૩	૧	૨૮૯૮૪	૩૦૨૯૮	૧	૩૦૨૯૯
કુલ		૪૫૦૪૩	૧	૪૫૦૪૪	૫૪૨૧૦	૧	૫૪૨૧૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૭	૬,૯૩,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૭	૨,૪૭,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૯૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૧૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૯૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૩૯૫/૨૦૨૧**

ઓઢવઃ સંદિપભાઇ દિનેશભાઇ મોદી (ઉ.વ.૫૩)(રહે.રીજન્સી ટાવર મેનેજમેન્ટ એન્કલેવની બાજુમાં વસ્ત્રાપુર) એ તા.૦૧/૦૩/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૦૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ જી.આઇ.ડી.સી પ્લોટ નં-૨૭ માં "મોદી લાઇફ કેર ઇન્ડસ્ટ્રીઝ લી." નામની કંપની ખાતે આરોપી (૧)અમરદિપ કપુરસિંગ રાણા (૨) રિતુ અમરદિપ રાણા (૩) કપુરસિંગ તેજસિંગ રાણા (૪) રજનીદેવી કપુરસિંગ રાણા (૫) આરૂષી અમરદિપ રાણા (તમામ રહે.વોટર લીલી એપાર્ટમેન્ટ, અદાણી શાંતિગ્રામ, એસ.જી.હાઇવે) એ ભેગા મળી સંદિપભાઇના ધંધામાં ૫૦% ના ભાગીદાર થઇ પાછળથી તેમનો ધંધો આગવો કરી લેવાની પેરવી કરી, સંદિપભાઇએ લેવાના થતા કુલ રૂપિયા ૬૮,૭૦,૦૦૦/- પરત નહી આપી, સંદિપભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૩૯૬/૨૦૨૧**

નરોડાઃ ભાર્ગેશકુમાર દશરથભાઈ પટેલ (રહે.લક્ષ્મીવિલા-૨ હરિદર્શન ચાર રસ્તા પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૧ કલાક ૭/૩૦ થી રાતના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરી તથા લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૬૫,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૩૯૭/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ ચેતનભાઇ મધુસુદનભાઇ પંચાલ (રહે, શ્યામ હિલ્સ ફ્લેટ, જી.એસ.ટી.ક્રોસીંગ રોડ, ન્યુ રાણીપ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન બોડકદેવ રાજપથ ક્લબ પાછળ લીથોસ્પીયર હોટલ ખાતે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ બેગની ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં અગત્યના દસ્તાવેજો, "DELL" કંપનીનુ લેપટોપ, મોબાઇલ ફોનના બે ચાર્જર કિમત રૂપિયા ૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૯૮/૨૦૨૧**

ઘાટલોડીયાઃ કૌશલભાઈ મહેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૪૪)(રહે.રઘુકુળ એપાર્ટમેંટ, વિનાયક પેટ્રોલપંપ સામે સોલા રોડ, નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની સોસાયટીના પાર્કિંગમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને ભુયંગદેવ ફિનિક્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૩/૨૦૨૧ બપોરના ૫/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ વાલજીભાઇ ચલાવે છે.

રીવરફ્રન્ટ વેસ્ટઃ રસીદખાન નથ્થેખાન પઠાણ (ઉ.વ.૭૨) (રહે.શહેરાની હાઉસ, રોયલ પાર્ક-૧, મેમણહોલ રોડ, જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૧ કલાક ૫/૨૦ વાગ્યા પહેલા નહેરૂબ્રિજ નીચે વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રેવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસઇશ્રી જગદિશચંદ્ર આત્મારામ ચલાવે છે.

દરીયાપુરઃ રાહુલભાઇ ખેમચંદભાઈ કાળે (ઉ.વ.૩૦)(રહે.કડીયાનાકા નવઘરીની ખડકી દરિયાપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે ત્રીજા માળેથી પડતુ મુકતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૩/૨૦૨૧ કલાક ૪/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.પટેલ ચલાવે છે.

નારોલઃ મિલિન્દ નથ્થુલાલ સોનાર (ઉ.વ.૪૫) (રહે.રાજનંદ રેસીડેન્સી, સોહંગ હીલની બાજુમા, નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૨/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી